SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# સ્કન્દપુરાણના માહેશ્વરખંડમાં નિરૂપિત સૃષ્ટિ પ્રક્રિયા

*ભૂમિકાબેન બી. જોષી* [1]
*ડૉ. બી. કે. પ્રજાપતિ* [2]

સ્કન્દપુરાણના માહેશ્વરખંડમાં સૃષ્ટિ પ્રક્રિયા પ્રાચીન ઉપનિષદોમાં પ્રતિપાદિત સૃષ્ટિ પ્રક્રિયાની સમાન બ્રહ્મ કારણવાદના અનુસાર છે. ઉપનિષદોમાં બ્રહ્મ વિદ્યાનો પર્યાય છે. પ્રાચીન ઉપનિષદોમાં પ્રતિપાદિત બ્રહ્મ વિદ્યાના કોઈપણ તથ્ય સાથે સ્કન્દપુરાણનો કોઈ વિરોધ નથી. તેના ઉદાહરણ માટે સાંખ્યના ગુણ સિદ્ધાંતને પ્રસ્તુત કરી શકાય છે. ભાષા અને વિચારની દૃષ્ટિથી છાન્દોગ્યોપનિષદ, બૃહદારણ્યકોપનિષદ, કૌષીતકિ ઉપનિષદ, એતરેયોપનિષદ અને તૈતિરીયોપનિષદ નિર્વિવાદ સ્કન્દપુરાણથી પ્રાચીન છે.

ઈશાવાસ્યોપનિષદ અને કેનોપનિષદ પણ સ્કન્દપુરાણથી અતિ પ્રાચીન છે. તેમાં ક્યાંય પણ ગુણ-સિદ્ધાંતનું વર્ણન જોવા મળતું નથી. ગુણ સિધાંતનો ઉપદેશ માત્ર કઠ અને શ્વેતાશ્વતર ઉપનિષદમાં મળે છે. પ્રચલિત માન્યતાઓના આધાર પર કહેવામાં આવે છે કે ગુણ સિદ્ધાંત સાંખ્યદર્શનનો વિષય છે.

ભારતીય આધ્યાત્મ અને દર્શનનો સ્રોત પ્રાચીન ઉપનિષદમાં મળે છે. તેમાંથી વિભિન્ન શાસ્ત્રોનો ઉદય થયેલો માનવામાં આવ્યો છે. વેદાંત મુખ્ય રૂપથી ઉપનિષદને આધાર માને છે અને પૂર્વ મીમાંસા વેદના કર્મ કાંડ ભાગને આધાર માને છે. મોટાભાગે સાંખ્ય, યોગ, ન્યાય અને વૈશેષિક બધા વેદથી જ પ્રેરિત માનવામાં આવે છે. આ દર્શનોના આધાર સૂત્ર ઉપનિષદોમાં મળે છે પરંતુ ઉપનિષદને પૂર્ણ રૂપથી ગ્રહણ સ્કન્દપુરાણ કરે છે.

સ્કન્દપુરાણના માહેશ્વરખંડમાં ગુણ સિદ્ધાંતના રૂપમાં પોતાનું અસ્તિત્વ બનાવીને સાંખ્ય દર્શન અમર થઇ ગયું છે. ગુણ સિદ્ધાંતનું બ્રહ્મ વિદ્યામાં સમંવય સ્કન્દપુરાણ માટે વિશેષ યોગદાન છે. નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મને નિર્ગુણ અને સગુણ બ્રહ્મ જ કહ્યું છે. બ્રહ્મ નિરૂપણ માહેશ્વર ખંડનો વિષય છે, પરંતુ ગુણ સિદ્ધાંતના આધાર પર બ્રહ્મને સગુણ અને નિર્ગુણની ઉપાધિ આપવામાં આવી છે. ગુણ સિદ્ધાંતને અલગ કરીને તેની ચોક્કસ વ્યાખ્યા આપવામાં આવી નથી.

માહેશ્વર ખંડનો સર્વપ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત સૃષ્ટિ પ્રક્રિયા સંબંધી છે કે, બ્રહ્મ જ જગતનું કારણ છે. તે બ્રહ્મ જગત સૃષ્ટિ, સ્થિતિ અને સંહારનું કારણ છે. ભગવાન વિષ્ણુને બ્રહ્મનું રૂપમાં વર્ણીત કરવામાં આવ્યા છે. તેમણે જ ચર અને અચર સૃષ્ટિની રચના કરી છે.

स्वयंभूर्भगवान् वष्णुःससिृक्षुर्वविधिाःप्रजाः।
आदौ ससर्ज भगवानप एव महात्मवान् ॥
तासु वीर्यं तदा सृष्टवा नारायणमगात्ततः।
आपो नारा ईतिप्रोक्ता आपो वै नसूनवः॥
आदसिर्गममिं श्रुत्वा धनमारोग्यमाप्नुयात् ।
इह भुक्त्वा वरान्भोगानन्ते स्वर्गपुरे वसेत् ॥[1]


ભૂમિકાબેન બી. જોષી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ [1]
ડૉ. બી. કે. પ્રજાપતિ, શ્રીમતી આર. એમ. પ્રજાપતિ, વિનયન મહાવિદ્યાલય સતલાસણા [2]

ઉપનિષદ અનુસાર સ્કન્દપુરાણના કેદારખંડમાં જગતને બ્રહ્મનું કારણ માનવામાં આવ્યું છે. સૃષ્ટિના પૂર્વ બ્રહ્મ નિર્ગુણ, નિરાકાર અને સવિશેષ હોય છે. માહેશ્વરખંડના કેદારખંડ અનુસાર પુરુષ સૂક્ષ્મ, અવિજ્ઞેય, અવ્યક્ત, અચલ, ઇન્દ્રિય, ઈન્દ્રિયાર્થ અને સમસ્ત પ્રાણીઓથી રહિત, પ્રાણીઓનો અંતરાત્મા, ક્ષેત્રજ્ઞ, ગુણાતીત છે. ગુણાતીત પુરુષથી ત્રિગુણાત્મક પ્રવૃતિની ઉત્પત્તિ થાય છે. વ્યક્ત જગતમાં વ્યાપ્ત અવ્યક્ત, અવિનાશી બ્રહ્મ છે. અવ્યક્ત સત્ અને અસત્ સ્વરૂપ છે.

परमात्मा नर्िगुणःशान्तो व्यक्ताव्यक्तो नरिामयः।
नष्प्रिपंचो नरिाकारो नत्यिानन्दो नरीश्वरः॥
एक एव त्रलिोकात्मा रूपादगिुणवर्जतिः।
न तद्रुपं सतिं श्यामं कपशिं पङि्गलं न च ॥[२]

કેદારખંડમાં બ્રહ્મને સૃષ્ટિનું કારણ અને સંહારક દર્શાવાયું છે. બ્રહ્મ જ જગતની સૃષ્ટિ કરે છે અને સંહાર કરે છે. બ્રહ્મ અદ્વિતીય છે, જગતનું કારણ છે. જીવ અને જગત બ્રહ્મથી અલગ નથી. બ્રહ્મ સ્વરૂપ છે, બ્રહ્મ અંશ છે, પૂર્વ જગત અને જીવ અંશ સ્વરૂપ હતા.

ब्रह्मरूपेण सृजत पिाल्यते वष्णिुरूपणिा ।
रुद्ररूपेण भगर्वंल्लयं नयत सिर्वशः॥
स्वरूपं च नरिूपं च तस्य नो ज्ञापते शवि ।
अरूपणिो रूपमेतदकर्तुःकार्यकं तथा ॥[3]

પરમેશ્વરથી જ યુગના આરંભમાં પ્રાણિઓની સૃષ્ટિ થાય છે અને યુગના અંતમાં બધા પ્રાણિઓ પરમેશ્વરમાં લીન થઇ જાય છે. આ સંપૂર્ણ સંસાર પરમપિતા પરમેશ્વરની શક્તિ પર આધારિત છે. બધા પ્રાણીઓમાં સ્થિત પરમેશ્વર જ સમસ્ત સંસારમાં વ્યાપ્ત થઈને સમસ્ત વિશ્વનું પાલન-પોષણ કરે છે.

કેદારખંડમાં જગતને બ્રહ્મનું શરીર માનવામાં આવ્યું છે. અહી કરેલ વર્ણન અનુસાર પર્વત તે પરમેશ્વરની અસ્થિ છે, પૃથ્વી તેનું મેદ અને માંસ છે, રક્ત સમુદ્ર છે, આકાશ તેનું પેટ છે, વાયુ નિઃશ્વાસ, અગ્નિ તેજ છે, શિરાઓ નદિઓ છે. આગ્નેય સૂર્ય અને સૌમ્ય ચંદ્રમાં તેની આંખો છે. ઉર્ધ્વ આકાશ મસ્તક છે, તેના બન્ને પગ પૃથ્વી છે દિશાઓ તેની ભુજાઓ છે. આ પ્રમાણે સમસ્ત જગત બ્રહ્મનું શરીર છે. પરમેશ્વર અનંત હોવાના કારણે સિધ્ધો દ્વારા દુર્વિજ્ઞેય છે. તેનાથી અનુમાનિત થાય છે કે પરમેશ્વર માત્ર જગતના રૂપમાંબ જ છે પણ તેના અનેક રૂપો છે. આ કારણે જ સમસ્ત પ્રાણીઓમાં વ્યાપ્ત ભગવાન વિષ્ણુ અનંત નામથી પ્રસિધ્ધ છે.

સૃષ્ટિનું મૂળ કારણ નિત્ય, અક્ષર, અવિનાશી, અભેધ, જરા-મૃત્યુ વગેરે અને અંત વિનાના પરમદેવ છે. જેમને અવ્યક્ત અને માનસ નામથી ઓળખવામાં આવે છે. તેઓ પ્રાણીઓના જન્મ અને મૃત્યુના કારણ છે. તેમને જ આકાશ નામના મહાનને ઉત્પન્ન કર્યું છે. આકાશથી જળ, જળથી અગ્નિ અને વાયુ, અગ્નિ અને વાયુના સંયોગથી પૃથ્વીની સૃષ્ટિ થાય છે. સ્વયંભૂ પરમેશ્વર વિષ્ણુએ તેજસ્વી કમળને ઉત્પન્ન કરી જેનાથી બ્રહ્મની ઉત્પત્તિ થઈ. કેદારખંડ અનુસાર -

मानसो नाम वख्यिातःश्रुतपूर्वो महर्षभिः।
अनाद निधिनो देवस्तथाभेधोऽजरामरः॥
अव्यक्त इत विख्यिातःशाश्वतोऽव्याक्षरोऽव्ययः।
यतःसृष्टान भिूतान जिायन्ते च मयिन्त चि ॥[४]

અહીં વિષ્ણુને માનસ અને બ્રહ્મને અહંકાર કહ્યો છે. ભગવાન વિષ્ણુએ મનથી વિવિધ રૂપની પ્રજાસૃષ્ટિ રચી અને પ્રજાના માટે સર્વ પ્રથમ જળની રચના કરી. જળથી સમસ્ત જગત વ્યાપ્ત છે અને જળ જ પ્રાણીઓનું એકમાત્ર જીવન છે. પૃથ્વી, પર્વત, વાદળ અને બધા મૂર્તિમાન પદાર્થ જળ પર જ આશ્રિત છે તેમને વારુણ કહેવામાં આવે છે.

प्रजावसिर्गःवविधिं मानसो मनसासृजत् ।
संघुक्षणार्थं भूतानां सृष्टं प्रथमतो जलम् ॥
यत्प्राणाःसर्वभूतानां वर्धन्ते येन च प्रजाः।
परत्यिक्ताश्च नश्यततितेनेदं सर्वमावृतम् ॥
पृथिवी पर्वता मेघा मूतमिन्तश्च ये परे ।
सर्वं तद्वारुणं ज्ञेयमापस्तस्तम्भरिपुनः॥[५]

માહેશ્વરખંડમાં સૃષ્ટિને ધારણ કરવાવાળા પંચભૂતોને ધાતુ કહેવામાં આવ્યા છે. ધાતુમાં 'ધા' ધાતુનો અર્થ છે ધારણ કરવું. મનુષ્યનું શરીર પંચ ભૌતિકમય છે. ચર અને અચર જગત પંચભૂતોથી નિર્મિત હોવાના કારણે પંચ ભૌતિક કહેવામાં આવે છે. પ્રાણીઓમાં ચેષ્ટા વાયુ છે, છિદ્ર આકાશ છે, ઉષ્મા અગ્નિ છે, દ્રવ્ય જળ છે અને સઘાત પૃથ્વી છે. શ્રોત, ધ્રાણ, રસ, સ્પર્શ અને દૃષ્ટિ આ પાંચ ઈન્દ્રિયો છે. કુમારિલખંડમાં કહેવાયું છે કે –

चेष्टा वायुःखमाकाशमूण्याग्नःिसिललिं द्रवः।
पृथिवी चात्र संघातःशरीरं पाँच भौतकिम् ॥
इत्येते पंचमरि्भूतैर्युक्तं स्थावर-जड गमम् ।
श्रोतं ध्राणो रसःस्पर्शा दृष्टशि्वेन्दरयिसंज्ञताः॥[६]

કુમારિકા ખંડ અનુસાર વૃક્ષોમાં જીવ હોય છે અને તે ઈન્દ્રિયોથી યુક્ત હોય છે. ગરમી અને ઠંડીના કારણે પર્ણ મૂર્જાય જવાથી ત્વચા, ફળ અને પુષ્પ પણ મલિન થઇ જાય છે માટે વૃક્ષોમાં સ્પર્શેન્દ્રિય હોય છે. વલ્લિયા વૃક્ષ ચારો તરફ ફેલાય છે. દૃષ્ટિ વિના આ શક્ય નથી માટે વૃક્ષોમાં દૃષ્ટિ હોય છે. શુભ અને અશુભ ગંધથી વૃક્ષ નિરોગ અને પુષ્પિત થાય છે માટે વૃક્ષોમાં ધ્રાણેન્દ્રિય હોય છે. થડથી જળ ગ્રહણ કરવુ, રોગ અને રોગ પ્રતિકારના કારણે વૃક્ષમાં રસનેન્દ્રિય હોય છે. વૃક્ષોમાં જીવની સિધ્ધિ સુખ અને દુઃખ ગ્રહણ કરવાના કારણે અને ઉગવાના કારણે હોય છે. આ પ્રકારે વૃક્ષમાં ચૈતન્યની સિધ્ધિ થાય છે.

ગીતામાં જીવ અને બ્રહ્મમાં અંશાશિ ભાવને દર્શાવાયો છે. અંશથી ખંડતાનું જ્ઞાન થાય છે, પરંતુ બ્રહ્મ પૂર્ણ અને અખંડ છે. સમસ્ત સંબંધવાળા જગતમાં વ્યાપ્ત રહેતા બ્રહ્મ જગતથી અતીત અને અખંડ છે. કારણ કે બ્રહ્મ અનંત છે, તેનું વર્ણન તત્ત્વમીમાંસા અંતર્ગત વિસ્તારથી કરવામાં આવ્યું છે.

કુમારિકા ખંડ અનુસાર વિસર્ગમ જિહ્વામીલીય અને ઉપધ્માનીયમાં ચાર અક્ષર જરાયુજ, અંડજ, સ્વદેજ અને ઉદ્‌વિજ નામના ચાર પ્રકારના જીવ છે.

अनुस्वारो वसिर्गश्च जहि्वामूलीय एव च ।
उपध्मानीय इत्येते जरायुजास्तथाऽण्डजाः॥
स्वेदजश्चोद्वजि्जाश्चपपितिजीवाःप्रकीर्तताः॥[७]

સ્કન્દપુરાણમાં બ્રહ્મને સૃષ્ટિકર્તા પ્રાણની શ્રેષ્ઠતા, જીવના વિભિન્ન સ્વભાવ અને કર્મોનું કારણ બ્રહ્મ (વિષ્ણુ)ને દર્શાવાયા છે. બ્રહ્મ જ સમસ્ત વિશ્વના પ્રભુ, આધ પુરુષ, પ્રભુઓના પ્રભુ, ચરાચર સૃષ્ટિ રચવાવાળા, લક્ષ્મીના સ્વામી, સત્વ વગેરે રૂપોથી ત્રણ પ્રકારના પુરાણ અને પુરાણોમાં પ્રશંસિત, સમસ્ત શક્તિઓના આશ્રય, સંસારમાં બધાના શરીરમાં નિવાસ કરતા, દેહ રહિત, આધ દેવતા, દિતિથી ઉત્પન્ન, નાશ કરવાવાળા, સમસ્ત વિશ્વના શ્રેષ્ઠ આધાર, કર્તા સંસારના કારણભૂત, સમસ્ત પ્રાનીઓના અધીશ્વર, આત્મા, સમસ્ત આશ્રમ, નિરાકાર અને જ્ઞાન દૃષ્ટિથી પ્રતીત થવાવાળા તથા સર્વોત્તમ મનથી સ્મરણ કરું છું. તમે જ લોકોને મહાન ભયથી બચાવો.[૮]

સ્કન્દપુરાણના માહેશ્વરખંડમાં દેવતા, મનુષ્ય, પશુ, યક્ષ, રાક્ષસ, કિન્નર તથા બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન મળે છે. જ્યારે સ્વયંભૂ ભગવાન વિષ્ણુ અનેક પ્રકારની પ્રજાઓની સૃષ્ટિ કરવા માટે ઈચ્છુક થયા ત્યારે મહાત્મા ભગવાને સર્વપ્રથમ જળ સૃષ્ટિની રચના કરી હતી. તેમાં વીર્યની સૃષ્ટિ કરી અને નારાયણત્વ પ્રાપ્ત કર્યું. જળમાં

સુવર્ણ જેવી કાંતિવાળું એક અંડ અવસ્થિત થયું. તે અંડમાંથી દેવતાઓ ઉત્પન્ન થયા. માટે તેમનું નામ સ્વયંભૂ પડેલ છે. તેના બે ટુકડા થયા. પૃથ્વી અને સ્વર્ગ. પછી તેમણે પોતાના તેજથી દિશાઓની સૃષ્ટિ કરી હતી.

આ પ્રકારે પ્રજાસૃષ્ટિ વર્ણન, ચર અને અચર સૃષ્ટિ વર્ણન, સ્વાયંભૂવ મનુ તથા દેવદાનવ સૃષ્ટિનું વર્ણન સ્કન્દપુરાણના માહેશ્વરખંડના કેદારખંડમાં મળે છે.

**પાદટીપ :**

૧. સ્કન્દપુરાણ, માહેશ્વરખંડ, કેદારખંડ, ૪.૪,૫ અને ૨૧.
૨. એજન, ૧.૧૪ અને ૧૫.
૩. એજન, ૩.૧૧ અને ૧૨.
૪. એજન, ૪.૧૯ અને ૨૦.
૫. એજન, ૪૫.૧૦, ૧૫ અને ૧૯.
૬. સ્કન્દપુરાણ, માહેશ્વરખંડ, કુમારિકાખંડ, ૩.૨૭૨-૨૭૪.
૭. એજન, ૩.૨૬૧-૨૬૨.
૮. સ્કન્દપુરાણ, માહેશ્વરખંડ, કેદારખંડ, ૫૩.૪૧ થી ૪૮.

**સંદર્ભગ્રંથ :**

૧. सकन्दपुराण, गीता प्रेस, गोरखपुर, संवत – २०२१

૨. पुराण वमिर्श, बलदेव उपाध्याय, वधिाभवन राष्ट्रभाषा ग्रंथमाला, २०.
चौखम्बा प्रकाशन, १९७८.

૩. अष्टाशपुराण, दर्पण ज्वाला प्रासाद मशि्र, गंगा वषि्णुदास श्रीकृष्णदास मुबई – १९७९

૪. वायुपुराण, गीता प्रेस, गोरखपुर, संवत – २०२१

૫. वषि्णुपुराण, गीता प्रेस, गोरखपुर, संवत – २०२१

૬. वामनपुराण, गीता प्रेस, गोरखपुर, संवत – २०२१